**GUJARAT BILL NO. 8 OF 2026.**

# GUJARAT CLINICAL ESTABLISHMENTS (REGISTRATION AND REGULATION) (AMENDMENT) BILL, 2026.

## A BILL

*further to amend the Gujarat Clinical Establishments (Registration and Regulation) Act, 2021.*

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૮ .**

## ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

**૧.** આ અધિનિયમ ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા.**

**સન ૨૦૨૧નો ગુજરાતનો ૧૮મો.**

**૨.** ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૯માં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવીઃ- **સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૯નો સુધારો.**

"(૪) કોઈપણ ચિકિત્સા સંસ્થાએ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદતની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઈશે.".

**૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮ને બદલે, નીચેની કલમ મૂકવીઃ- **સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૮ બદલવા બાબત.**

**કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની સમયમર્યાદા.** **"૧૮.** જે ચિકિત્સા સંસ્થા માટે રાજ્ય સરકારે ધોરણો જાહેર કરેલા હોય તેવી ચિકિત્સા સંસ્થાના સંબંધમાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદત પછી કામચલાઉ રજિસ્ટ્રેશન કરી આપવું જોઈશે નહિ અથવા તાજું (રિન્યુ) કરી આપવું જોઈશે નહિ.".

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યમાં ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન અને નિયમન માટેની જોગવાઈ કરવા ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ અધિનિયમિત કર્યો છે. સમગ્ર રાજ્યમાં અધિનિયમનું અસરકારક અમલીકરણ કરવાના ઉદ્દેશથી, અધિનિયમ દ્વારા ફરમાવ્યા પ્રમાણેના રજિસ્ટ્રેશન માટે ચિકિત્સા સંસ્થાઓને વધુ વાજબી સમયગાળો પૂરો પાડવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**પ્રફુલ પાનશેરીયા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

**કલમ ૨.-** આ કલમથી બદલવા ધારેલી ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ની કલમ ૯ની પેટા-કલમ (૪)થી, કોઈ ચિકિત્સા સંસ્થાએ જે મુદતની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઈશે તે મુદત, રાજપત્રમાં, જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની રાજ્ય સરકારને સત્તા મળે છે.

**કલમ ૩.-** આ કલમથી બદલવા ધારેલી ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ની કલમ ૧૮થી, જે ચિકિત્સા સંસ્થાઓ માટે રાજ્ય સરકારે ધોરણો જાહેર કરેલા હોય તેવી સંસ્થાઓનું કામચલાઉ રજિસ્ટ્રેશન જે મુદત પછી કરી આપવું જોઈશે નહિ અથવા તાજું (રિન્યુ) કરી આપવું જોઈશે નહિ તે મુદત, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવાની રાજ્ય સરકારને સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખઃ ૨જી માર્ચ, ૨૦૨૬.** **પ્રફુલ પાનશેરીયા.**

## પુરવણી

## ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ (સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા)માંથી ઉતારા.

રજિસ્ટ્રેશનના કામચલાઉ પ્રમાણપત્ર માટેની અરજી.

**૯.** (૧) થી (૩) XXX XXX XXX

(૪) આ અધિનિયમના આરંભના સમયે, કોઈ ચિકિત્સા સંસ્થા અસ્તિત્વ ધરાવતી હોય, તો તેના રજિસ્ટ્રેશન માટેની અરજી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં કરવી જોઈશે અને આ અધિનિયમના આરંભ પછી અસ્તિત્વમાં આવે તેવી ચિકિત્સા સંસ્થાએ, કલમ ૧૮ની જોગવાઈઓને અધીન રહીને, તેની સ્થાપનાની તારીખથી છ મહિનાની મુદતની અંદર અથવા તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં, એ બેમાંથી જે મોડું હોય તેટલી મુદતની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઇશે.

(૫) XXX XXX XXX

કામચલાઉ રજિસ્ટ્રેશન કરાવવા માટેની સમયમર્યાદા.

**૧૮.** જે ચિકિત્સા સંસ્થા માટે રાજ્ય સરકારે ધોરણો જાહેર કરેલા હોય તેવી ચિકિત્સા સંસ્થાના સંબંધમાં, ધોરણો અંગેના જાહેરનામાની તારીખથી અઢી વર્ષની મુદત પછી કામચલાઉ રજિસ્ટ્રેશન કરી આપવું જોઇશે નહિ અથવા તાજું કરી આપવું જોઇશે નહિ.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૮ .]**

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ વધુ સુધારવા બાબત વિધેયક.

**[શ્રી પ્રફુલ પાનશેરીયા,**

**આરોગ્ય મંત્રીશ્રી]**

**(સન ૨૦૨૬ના માર્ચ મહિનાની ૨જી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ચેતન પંડયા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**